# Rude Garbe Rame Che Devi Gujarati Garba Lyrics

રૂડે ગરબે રમે દેવી

રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ
પાય વાગે છે ઘૂઘરીના ઘમકાર રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

આકાશમાંથી સૂર્ય જોવા આવીયા રે લોલ
સાથે દેવી રન્નાદેને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

આકાશમાંથી ચંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી રોહણિીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

ઈંદ્રલોકમાંથી ઈંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી ઈન્દ્રાણીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

સ્વર્ગમાંથી વષ્િણુ જોવા આવીયા રે લોલ
સાથે દેવી લક્ષ્મીજીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

બ્રહ્મલોકમાંથી બ્રહ્મ જોવા આવીયા રે લોલ
સાથે દેવી બ્રહ્માણીને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

પાતાળમાંથી શેષ નાગ આવીયા રે લોલ
સાથે સર્વે નાગણીઓને લાવીયા રે લોલ
રૂડે ગરબે રમે છે દેવી અંબકિા રે લોલ

gujaratilyrics.com